અપીલ અરજી નં.૧૪૪/ ૦૮–૦૯ તા. ૨૭–૮–૦૮

અરજદાર: શ્રીમતી રેખાબેન સુરેશ મહેકાર
સામાવાળાઃ ડે.કમિશનર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન

## હુકમ:–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રીમતી રેખાબેન સુરેશ મહેકાર ની તા.૯–૬–૦૮ ની અરજીથી મકાન નં.૧૨૪,૧૨૫, રાજીવનગર ની મિલ્કત નામફેર કર્યા અંગેની માહિતી તથા નામફેર કર્યાની કાર્યવાહી કરનાર અધિકારીની માહિતી આપવા બાબત.
***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૭–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૪૪/૨૦૦૮–૦૯

શ્રીમતી રેખાબેન સુરેશ મહેકાર ની તા.૯–૬–૦૮ ની અરજીથી મકાન નં.૧૨૪,૧૨૫, રાજીવનગર ની મિલ્કત નામફેર કર્યા અંગેની માહિતી તથા નામફેર કર્યાની કાર્યવાહી કરનાર અધિકારીની માહિતી આપવા બાબતે ડે.કમિશનર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.૧૪૩૧ તા.૪–૭–૦૮ થી આપેલ જવાબ અરજદારે તદ્દન ખોટો હોવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૯૭ તા.૫–૯–૦૮ થી ડે.કમિશનર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સા.ઈ.ઝોન/એસ્ટા./આ.નં.૨૩૮૩ તા.૧૬–૯–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.જે અનુસાર તેમના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૩૮૨ તા.૧૬–૯–૦૮ થી અરજદારને ૧૯૯૭ માં સર્વેયર તરીકે ફરજ બજાવતાં કર્મચારી હાલની ફરજની વિગત આપેલ છે તેમજ સદર અરજીની માહિતી પૂરી પાડયા અંગેની પહોંચ પણ રજુ કરેલ છે.

અરજદારે મુળ અરજીમાં માંગેલી માહિતી પૂરી પાડવામાં આવેલ છે જયારે અન્ય કાર્યવાહી હાથ ધરવાને લગતા પ્રશ્નો તેમજ અપીલમાં મુળ અરજીથી અન્ય કાર્યવાહીને લગતા પ્રશ્નો ઉપસ્થિત કરવામાં આવેલ છે. માહિતી બાબતેની માંગેલ માહિતી આપેલ ન હોવાની કોઈ રજૂઆત અપીલમાં જણાતી નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૯–૬–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે તેમજ માહિતી અંગે કોઈ વિગતો નહીં પૂરી પાડેલ હોઈ તેવું જણાતું નથી જેથી માહિતી અંગે કંઈ કરવાનું રહેતું નથી. અપીલ અરજીમાં જણાવેલ કાર્યવાહીને લગતા પ્રશ્નો અંગે સક્ષમ સત્તાધીશને અલાયદી રજુઆત કરવા અરજદાર સ્વતંત્ર છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨)શ્રીમતી રેખાબેન સુરેશ મહેકાર,